

## <u>પ્રેસનોટ – તા.૩૧/૦૮/૨૦૨૨</u>

## જુનાગઢ જિલ્લાનાં ભેંસાણ પોલીસ સ્ટેશનનાં ધરફોડ ચોરીનાં ગુનાના છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ

**શ્રી પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગર**નાંઓ દ્વારા રેન્જનાં જિલ્લાઓમાં નાસતા-ફરતા આરોપીઓ/ ફરાર કેદીઓ પકડી પાડવા સુચનાં આપેલ હોય, જે અન્વયે **શ્રી પોલીસ અધિક્ષક અમરેલીના** દ્વારા રાજ્ય / જિલ્લાનાં નાસતા-ફરતા આરોપીઓ તથા જેલમાંથી પે-રોલ/ફર્લો તથા વચગાળાનાં જામીન રજા પરથી ફરાર કેદીઓને પકડવા જરૂરી સુચનાં આપેલ હોય, જે અન્વયે **શ્રી પોલીસ ઈન્સ્પેક્ટર, ઈન્ચાર્જ એસ.ઓ.જી. તથા શ્રી પોલીસ સબ ઈન્સ્પેક્ટર, એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી. ટીમને** '' જુનાગઢ જિલ્લાના ભેસાણ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુન્હા નંબર-૧૧૧૦૩૦૦૭૨૦૦૦૫૩/૨૦૨૦૨૦, આઇ.પી.સી. કલમ- ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબના ગુન્હાના કામેનો આરોપી પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા નાસતો-ફરતો હતો. મજકુર ઈસમને અમરેલી, જિલ્લાનાં ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારનાં ગામ-ગરમલી, ગભરૂભાઇ માંજરીયાની વાડીએથી ચોક્કસ અને આધારભુત ખાનગી બાતમીરાહે થી ઝડપી પાડવામાં સફળતાં મળેલ છે.

<u>પકડાયેલ આરોપી</u> ઃ-

**અરવિંદ ઉર્ફે ગાંગાભાઇ ખોડાભાઇ રાખોલીયા, ઉ.વ.૪૫, ધંધો-ખેતીકામ, રહે.મુળ-ચુડા, મોટી પાટી, તા.ભેંસાણ, જિ.જુનાગઢ, હાલ રહે.ગરમલી, ગભરૂભાઇ માંજરીયાની વાડીએ, તા.ધારી, જિ.અમરેલી.**

**ગુનાની વિગત** ઃ-

મજકુર પકડાયેલ ઈસમ અરવિંદ ઉર્ફે ગાંગાભાઇ ખોડાભાઇ રાખોલીયા તથા અબુ ઉર્ફે વૈભવ અશોકભાઇ બાવળીયા નામની વ્યકતિ સાથે મળી ચુડા ગામમાં રહીશ આ કામનાં ફરિયાદીશ્રી રંજનીભાઇ

વશરામભાઇ ગજેરાની ખોડીયાર આઈસ્ક્રીમ નામની દુકાનમાંથી તા.૦૫/૦૩/૨૦૨૦નાં રોજ રોકડ રૂપિયા તથા અન્ય મુદ્દામાલની ચોરી કરેલ હોવાની કબુલાત આપેલ હતી. મજકુર ઈસમને હસ્તગત કરી આગળની ઘટીત કાર્યવાહી અર્થે ચલાલા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

**આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ **શ્રી પોલીસ ઈન્સ્પેક્ટર, ઈન્ચાર્જ એસ.ઓ.જી.** તથા **પો.સ.ઈ. એસ.ઓ.જી.**, તથા **એસ.ઓ.જી. ટીમને જુનાગઢ જિલ્લાનાં છેલ્લા બે વર્ષથી ઘરફોડ ચોરીનાં ગુનાના નાસતા-ફરતા ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.**

# <u>પ્રેસનોટ – તા.૦૧/૦૯/૨૦૨૨</u>

## <u>સાવરકુંડલા ટાઉનમાં મંદિર પાસેથી થેલીમાંથી મોબાઇલ ફોનની ચોરી કરનાર ઇસમને ચોરીના મોબાઇલ સાથે પકડી પાડતી મોબાઇલ ફોન ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.</u>

➡ <u>ગુન્હાની વિગતઃ-</u>

ગઇ તા.૧૮/૦૮/૨૦૨૨ ના રોજ શીતળા સાતમનો તહેવાર હોય, સાવરકુંડલામાં મધુવન સોસાયટીમાં રહેતાં પુનિતભાઇ વિનોદભાઇ ડોડીયાના માતા સાવરકુંડલામાં જેસર રોડ ઉપર રેલ્વે ફાટક પાસે આવેલ શીતળા માતાના મંદિરે દર્શન માટે ગયેલ ત્યારે તેમની થેલીમાં રહેલ ઓપો કંપનીનો A5 2020 મોડલનો સફેદ કલરનો મોબાઇલ ફોન, કિં.રૂ.૧૧,૯૯૦/- નો કોઇ ચોર ઇસમ ચોરી કરીને લઇ ગયેલ. જે અંગે પુનિતભાઇ વિનોદભાઇ ડોડીયાની ફરિયાદ પરથી **સાવરકુંડલા ટાઉન પો.સ્ટે. એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૨૨૨૦૬૭૨/૨૦૨૨, આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુનો અજાણ્યા ચોર ઇસમ વિરૂધ્ધ રજી. થયેલ.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** દ્વારા અમરેલી જિલ્લામાં બનેલ મિલકત સબંધી ગુનાઓના આરોપીઓને પકડી પાડી, ફરિયાદીની ગયેલ મિલકત તેમને પાછી મળે, તે માટે જરૂરી કાર્યવાહી કરવા **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ**ને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

ઉપરોક્ત ગુનાના અજાણ્યા આરોપી અંગે તપાસ કરવા **અમરેલી એલ.સી.બી. ટીમ** દ્વારા સઘન તપાસ હાથ ધરવામાં આવેલ અને ગઇ કાલ તા૩૧/૦૮/૨૦૨૨ ના રોજ અમરેલી તાલુકા પો.સ્ટે. વિસ્તારમાં સાવરકુંડલા રોડ પર આવેલ હીરાનગર વિસ્તારમાંથી એક ઇસમને શંકાસ્પદ હાલતમાં પકડી પાડેલ અને તેની પાસેથી ઉપરોક્ત ચોરીમાં ગયેલ તે પૈકીનો મોબાઇલ ફોનનો મુદ્દામાલ મળી આવતાં પકડાયેલ ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે આગળની કાર્યવાહી થવા **અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન**માં સોંપી આપેલ છે.

➡ **<u>પકડાયેલ આરોપીઃ-</u>**

કાંન્તીભાઇ વલકુભાઇ પરમાર, ઉ.વ.૨૧, ધંધો – મજુરી, રહે.મહુવા, રાજુલા રોડ, ગાયત્રી મંદિર પાસે, ઝુંપડ પટ્ટી, તા.મહુવા, જિ.ભાવનગર.

પકડાયેલ આરોપીની પુછપરછ દરમિયાન પકડાયેલ આરોપી સાવરકુંડલા ટાઉનમાં શીતળા માતાના મંદિરે સાતમ-આઠમના તહેવાર નિમિત્તે કુગ્ગા વેચવા માટે ગયેલ અને મોકો મળતાં ફરિયાદીની માતાની થેલીમાંથી મોબાઇલ ફોનની ચોરી કરેલ હોવાનું ખુલવા પામેલ છે.

➡ **<u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>**

ઓપો કંપનીનો A5 2020 મોડલનો સફેદ કલરનો મોબાઇલ ફોન, **કિં.રૂ.૧૧,૯૯૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.